# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-06-2025** **Morning : 7.10 to 7.20**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1. **"ઓપરેશન શિલ્ડ" અંતર્ગત રાજ્યભરમાં ગઇકાલે નાગરિક સંરક્ષણ મોકડ્રીલ યોજાઈ.**
2. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું - જે નારીશક્તિ પારણું ઝુલાવી શકે તે યુદ્ધ મેદાનમાં તલવાર ચલાવવા પણ સમર્થ.**
3. **પીએમ સ્વનિધિ યોજના હેઠળ રાજ્યમાં ગત વર્ષે 4 લાખ 79 હજાર વિક્રેતાઓને સશક્ત બનાવાયા.**
4. **રાજ્યમાં આગામી 7 દિવસ છુટાછવાયા વરસાદની આગાહી- માછીમારોને દરિયો ન ખેડવા સૂચના**
5. **IPLમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આજે મુંબઈ ઈન્ડિયન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે ક્વોલિફાયર-2 રમાશે.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# STATE MOCKDRILL

રાજ્યના સરહદી જિલ્લા સહિત તમામ જિલ્લામાં ગઇકાલે નાગરિક સંરક્ષણની "ઓપરેશન શિલ્ડ" મોકડ્રીલ યોજાઈ. જ્યારે સાંજે સાડા સાત વાગ્યા બાદ બ્લેક આઉટ પણ કરાયું. મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિ અને નાગરિક સંરક્ષણ મહનિદેશક મનોજ અગ્રવાલે "ઓપરેશન શિલ્ડ" સંદર્ભે વહીવટી તંત્ર દ્વારા કરાયેલી તૈયારીઓની સમીક્ષા કરી હતી.

કચ્છ જિલ્લાના ભુજના સ્મૃતિવન મ્યૂઝિયમ અને મિલિટરી સ્ટેશન ખાતે મોકડ્રિલ યોજાઇ. ભુજ મિલિટરી સ્ટેશન ખાતે ડ્રોન હુમલા બાદ લોકોને સલામત સ્થળે ખસેડવા અંગે મોક ડ્રીલ યોજાઈ હતી. સમગ્ર કચ્છ જિલ્લામાં રાત્રે ૮ થી ૮:30 કલાક દરમિયાન બ્લેકઆઉટ કરાયું.

પાટણ જિલ્લામાં વિવિધ 18 સ્થળોએ મોકડ્રીલ યોજાઇ. ત્યારબાદ રાત્રે 8 થી 8:30 દરમિયાન બ્લેક આઉટ કરાયું. બનાસકાંઠાના વાવ-સુઈગામ વિસ્તારના તમામ ગામોમાં ૭.૪૫ થી ૮.૧૫ સુધી સાયરન વગાડીને બ્લેક આઉટ કરાયું.

જામનગરમાં યોજાયેલી મોકડ્રીલ બાદ પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુએ માહિતી આપી હતી.

## (બાઇટ: પ્રેમસુખ ડેલુ, SP)

ગાંધીનગરના એરફોર્સ કેમ્પસ, વાયુ શક્તિ નગર, બી.એસ.એફ કેમ્પસ તથા કોસ્ટ ગાર્ડ લેકાવાડા અને લેકાવાડા ગામ ખાતે રાત્રે ૮.00 થી ૮.30 વાગ્યા સુધી સંપૂર્ણ બ્લેક આઉટ કરાયું.

રાજકોટમાં રાત્રે ૮ કલાકે સાયરન વગાડી માધાપરની ઉત્તરે રેલવે ટ્રેક વિસ્તાર, દક્ષિણે રાજકોટ જામનગર હાઇવે , પૂર્વમાં રાજકોટ મોરબી બાયપાસ તેમજ પશ્ચિમે નાગેશ્વર જતા રોડ સુધીના વિસ્તારમાં બ્લેકઆઉટ કરાયું હતું. છોટાઉદેપુરના બોડેલી ખાતે મોકડ્રીલ યોજાઇ હતી જે અંગે વધુ માહિતી આપતા ASP ગૌરવ અગ્રવાલે આ મુજબ જણાવ્યું હતું.

(બાઇટ: ગૌરવ અગ્રવાલ ASP)

આ ઉપરાંત સુરેન્દ્રનગર , બોટાદ, મહીસાગર, અરવલ્લી, પંચમહાલ, પોરબંદરમાં પણ બ્લેક આઉટ કરાયું હતું.

---

## CM AHILYABAI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, જે નારીશક્તિ પારણું ઝુલાવી શકે તે યુદ્ધ મેદાનમાં તલવાર પણ ચલાવી શકે છે. દેવી અહિલ્યાબાઈ હોલકરની ૩૦૦મી જયંતીની ઉજવણી નિમિત્તે અમદાવાદના વસ્ત્રાલ ખાતે યોજાયેલા મલ્ટિમીડિયા શો દરમિયાન શ્રી પટેલે આ મુજબ જણાવ્યું.

તેમણે ઉમેર્યું કે દેવી અહિલ્યાબાઈ હોલકર બહાદુર શાસક , લડાયક યોદ્ધા અને ધર્મ સંસ્કૃતિ રક્ષક હતાં. જેમણે કાશી વિશ્વનાથ મંદિર , સોમનાથ મંદિર , મહાકાલેશ્વર મંદિર જેવાં ધાર્મિકસ્થાનોના નવીનીકરણ અને પુનઃનિર્માણમાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. આ પ્રસંગે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રી મુળુભાઇ બેરા અને રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા ઉપસ્થિતિ રહ્યા હતા.

---

# PM-SVANIDHI

કેન્દ્ર સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયની મહત્વની પહેલ- પીએમ સ્વનિધિ યોજનાના 5 વર્ષ પૂર્ણ થયા છે. આ યોજનાના અમલીકરણમાં ગુજરાત અગ્રેસર રાજ્ય બન્યું છે. આ યોજના હેઠળ રાજ્યમાં ગત વર્ષે 4 લાખ 79 હજાર વિક્રેતાઓને સશક્ત બનાવાયા છે. સાંભળીએ એક અહેવાલ..

## વોઇસ કાસ્ટ: કરણ પરમાર

---

# AAM ADMI PARTY-BY ELCTION

વિસાવદર વિધાનસભાની પેટાચૂંટણી માટે ગઈકાલે આમ આદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલ ઇટાલિયાએ ઉમેદવારી પત્ર ભર્યું છે.

આ પ્રસંગે આપના સંયોજક અરવિંદ કેજરીવાલ, પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી આતિષી ઉપસ્થિત રહ્યા હતા. આમ આદમી પાર્ટીએ ગઈકાલે વિસાવદરમાં જન આર્શીવાદ યાત્રા યોજી હતી.

બીજી તરફ પ્રજાશક્તિ ડેમોક્રેટિક પાર્ટીના ગિરીશ કાપડિયા એ કડી બેઠક માટે ઉમેદવારી નોંધાવી છે. મહેસાણાની કડી અને જુનાગઢની વિસાવદર વિધાનસભા બેઠક માટે યોજાનારી પેટા-ચૂંટણી માટે આગામી 19 જૂને મતદાન થશે , અને 23 જૂને મતગણતરી હાથ ધરાશે.

**ઉલ્લેખનીય છે કે વિસાવદર વિધાનસભા બેઠક પરથી ભૂપત ભાયાણીનું રાજીનામું અને કડી બેઠક પર કરસન સોલંકીનું અવસાન થતાં બંને બેઠકો ખાલી પડી હતી.**

---

# WORLD MILK DAY

**વૈશ્વિક ખોરાક તરીકે દૂધના મહત્વને ઉજાગર કરવા તેમજ ડેરી ઉદ્યોગને ટેકો આપવાના ઉદ્દેશ્ય સાથે દર વર્ષે પહેલી જૂને વિશ્વ દૂધ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. દૂધ માત્ર પૌષ્ટિક આહાર જ નહીં પરંતુ પશુપાલન અને ડેરી ઉદ્યોગ સાથે જોડાયેલા લોકોની આજીવિકાનું મહત્વપૂર્ણ માધ્યમ પણ છે.**

**આ અંગે સાંભળીએ એક અહેવાલ....**

**(વોઇસકાસ્ટ – અજય ઈન્દ્રેકર)**

*(ભારતનું દૂધ ઉત્પાદન દરવર્ષે 5.7 ટકાના દરે ઝડપી ગતિએ વધી રહ્યું છે. ભારતની કુલ જીડીપીમાં 4.5 ટકા જેટલો ફાળો ડેરી ઉદ્યોગનો છે. ગુજરાતની વાત કરીએ તો ભારતના કુલ દૂધ ઉત્પાદનમાં ગુજરાતનો 7.5 ટકા જેટલો ફાળો છે. રાજ્યમાં દૂધ ઉત્પાદન 11.8 મિલિયન ટનના અભૂતપૂર્વ વધારા સાથે દેશમાં ચોથા સ્થાને પહોંચ્યું છે. છેલ્લા બે દાયકામાં રાજ્યના દૂધ ઉત્પાદનમાં સરેરાશ 9.26 ટકાનો વાર્ષિક વધારો થયો છે. રાજ્યમાં દૂધની માથાદીઠ ઉપલબ્ધી પણ છેલ્લા એક દાયકામાં 38 ટકા વધીને આજે 700 ગ્રામ પ્રતિ દિન થઇ છે.*

*અજય ઇન્દ્રેકર, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

---

# WEATHER

રાજ્યમાં આગામી 7 દિવસ છુટાછવાયા વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી સાત દિવસ દક્ષિણ ગુજરાત અને દક્ષિણ સૌરાષ્ટ્રમાં વરસાદની શક્યતા છે. આ વિસ્તારોમાં હળવા વરસાદી ઝાપટા પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે બે દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી છે.

---

# IPL

IPLમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આજે મુંબઈ ઈન્ડિયન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે બીજી સેમી ફાઇનલ રમાશે

આ મેચ ભારતીય સમય મુજબ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે. આ મેચમાં વિજેતા ટીમ મંગળવારે આ જ મેદાન પર IPL ફાઇનલમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે ટકરાશે.

મુંબઈ ઈન્ડિયન્સે અત્યાર સુધી પાંચ વખત ખિતાબ જીત્યા છે. બીજી તરફ , આ પંજાબ પહેલું ટાઇટલ જીતવા ફાઇનલ સુધી પહોંચવાના લક્ષ્ય સાથે સ્પર્ધામાં ઉતરશે.

---

# CHANDOLA TALAV

AMC દ્વારા ચંડોળા તળાવના વિકાસનો નિર્ણય લેવામાં આવ્યો છે જે અંતર્ગત ચંડોળા તળાવના દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરાઇ રહી છે. ગેરકાયદે દબાણો દૂર કરવાની સાથે તળાવ ઊંડું કરવાની કામગીરી પણ હાથ ધરાઇ રહી છે . જેથી વધુ પાણીનો સંગ્રહ કરી શકાય. આ કામગીરી દરમિયાન ગઇકાલે 3 હજાર 593 મેટ્રિક ટન જેટલો કાટમાળ દૂર કરાયો હતો.

આ કાટમાળને વેસ્ટ પ્રોસેસિંગ યુનિટ ખાતે મોકલી તેમાંથી અલગ અલગ પ્રોડક્ટ બનાવશે.

ઉલ્લેખનીય છે કે આ તળાવના વિકાસથી શહેર વધુ હરિયાળું સુંદર સ્વચ્છ અને સુંદર બનશે.

---

# VADODARA-NEW LAWS

વડોદરા ગ્રામ્ય પોલીસે નવા ફોજદારી કાયદાઓ પર ચિત્ર ઓડિયો અને વિડિયો સ્પર્ધાનું આયોજન કર્યું છે. આ સ્પર્ધા આજથી 15મી જૂન સુધી યોજાશે. આ સ્પર્ધામાં ભારતીય ન્યાય સંહિતા, નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ કાયદાઓ પર સ્પર્ધા યોજાશે. જેમાં વિજેતાઓને 20 હજાર રૂપિયાના ઇનામો આપવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેનારે surakshasetuvad@gmail.com પર એન્ટ્રી સાથે નામ નોંધણી કરાવવાની રહેશે.

---

# E- KYC - AHMEDABAD GPO

અમદાવાદ જનરલ પોસ્ટ ઓફિસ દ્વારા  આજે NFSA રેશનકાર્ડ ધારકો માટે e-KYC સુવિધા ઉપલબ્ધ કરાવાશે. જેમાં પેન્શનરો માટે ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ જેવી વિવિધ સુવિધા માટે આજે સવારે 8થી બપોરે 1 વાગ્યા સુધી e-KYC કરાવી શકાશે. કાર્ડધારકો આ સમય દરમિયાન તેમના e-KYC અપડેટ કરાવી શકશે.

---